# F1 ૧.૩.૧ રત્નત્રયી

## ૧) જૈન ધર્મની સાધનાના મધ્યબિંદુ

સમ્યગ્ દર્શન, જ્ઞાન, અને ચારિત્ર છે. આ ત્રણ ને રત્નત્રયી કહે છે. આ ત્રણની સમ્યક્ પ્રકારે અને સંયુક્ત આરાધના એ જ સાચો મોક્ષ માર્ગ છે.

"સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રાણિ મોક્ષ માર્ગ :" તત્ત્વાર્થ સૂત્ર ૧–૧

જીવનની સર્વાંગિણ ઉન્નતિ કરવા માટે જૈન ધર્મે મોક્ષ માર્ગ ની આરાધના બતાવી છે. તે માટે સત્ય દૃષ્ટિ (દર્શન), સત્ય જ્ઞાન અને સત્ય આચરણ અનિવાર્ય અને આવશ્યક બને છે.

<u>સમ્યગ્ દર્શન :</u> શ્રી તીર્થંકર ભગવંતો એ કહેલા અને સ્થાપન કરેલા તત્વોમાં આંતરિક રસ, રુચિ અને શ્રદ્ધા રાખવી તેને સમ્યગ્ દર્શન કહે છે. તેના ગુણો ૬૭ છે. આ ગુણના ઉઘાડથી અંતર્મુખ દૃષ્ટિ પ્રગટે છે, સંસારના સંબંધોનું નગ્ન સત્ય દર્શન થાય છે. અને પોતે આત્મ સન્મુખ થાય છે.

<u>સમ્યગ્ જ્ઞાન :</u> સાચો (સંપૂર્ણ) વિવેક પ્રગટે. મોહ–મમતા–વાસના ષડ્રિપુનો સાચો બોધ થાય છે અને મોક્ષમાર્ગની સાચી સમજણ પ્રગટે. આત્મ સ્વરૂપની ઝલક જોવા મળે છે. તેને સમ્યગ્ જ્ઞાન કહે છે. તેના ગુણો ૫૧ છે.

<u>સમ્યગ્ ચારિત્ર :</u> જાગૃત ચોકીદારની જેમ સજાગતા અને સાવધતા જીવનમાં વધે, આત્મ ભાવની વૃત્તિ અને પ્રવૃત્તિ ખીલે, શીલ, સદાચાર, અહિંસા પૂર્વક વ્યવહાર–વર્તન થાય તેને સમ્યગ્ ચારિત્ર કહેવાય છે. તેના કુલ ગુણ ૭૦ છે. આ ત્રણેયનું ધ્યાન કરવા માટેનો રંગ ઉજ્જવલ (સફેદ) છે.

કાર્યસિદ્ધિના મુખ્ય ૩ સોપાન છે. કંઈક વિશેષ મેળવવા, વિશેષ બનવા કે સંપૂર્ણ બનવા માટે તે તે વસ્તુ કે તત્ત્વને જાણવાની જો રૂચિ હોય, રસ હોય, અતંરમનમાં વિશ્વાસ – શ્રદ્ધા (સમ્યગ્ દર્શન) આવે છે. પછી તે મેળવવા માટે સંપૂર્ણજ્ઞાન પ્રાપ્ત કરવું પડતું હોય છે. અને તે બધી યોગ્યતા પાત્રતા કેળવવા સત્યના પંથે, ચારિત્રના માર્ગે ધીમે ધીમે ડગલા ભરીને ઈચ્છિત સ્થાને પહોંચાય છે.

jainuniversity.org

# F1 ૧.૩.૨ નવ તત્ત્વ

જગતના પદાર્થોનું જે મૂળભૂત સ્વરૂપ હોય તેને તત્ત્વ કહેવાય છે. કોઈ પણ પદાર્થના મૂળભૂત દ્રવ્યોનો સમાવેશ આ નવ તત્ત્વોમાં  થાય છે. જગતમાં એક પણ અચેતન વસ્તુ કે સચેતન એવું નથી કે જેની ગણત્રી આ તત્ત્વોમાં થઈ ન હોય. કોઈ પણ વસ્તુ કે તત્ત્વના સ્વભાવ, સ્વરૂપ પરિણામ, વગેરેની મૂળભૂત ગણના અહિં જોવા મળે છે. સંસારમાં દૃશ્ય કે અદૃશ્ય, ચેતન કે જડ એ નવ તત્ત્વ માં જોવા કે જાણવા મળે છે. સમગ્ર સંસાર મુખ્યત્વે બે તત્ત્વનોજ બનાવેલો છે. જીવ તત્ત્વ અને અજીવ તત્ત્વ, અથવા ચેતન અને જડ. જીવને આત્મા કે ચેતન પણ કહે છે. જીવ ઓળખવા માટેનાં છ લક્ષણો છે. દા. ત. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ. આ છ લક્ષણ જેનામાં હોતાં નથી તેને અજીવ કહે છે. સંસારમાં દૃશ્ય અને અદૃશ્ય જેટલા પણ પદાર્થો છે, તે તમામનો આ બે તત્ત્વમાં સમાવેશ થઈ જાય  છે.

સંસારના તમામ પદાર્થોને સમ્રગપણે સમજવા માટે જૈન ધર્મે તેનું નવ તત્ત્વમાં વિભાજન કરેલ છે:

(૧) જીવ– પાંચ ઈન્દ્રિયાદિ દશ દ્રવ્ય પ્રાણોને ધારણ કરનાર માનવ, પશુ, પક્ષી વગેરે તે ૧૪ પ્રકારે છે.

(૨) અજીવ– જેનામાં ચેતના નથી તે ટેબલ, પથ્થર વગેરે.  તે ૧૪ પ્રકારે છે.

(૩) પુણ્ય– જેનાથી સુખનો અનુભવ થાય તેવું શુભ કર્મ તે પુણ્ય. જેમ કે શ્રીમંત થવું, સત્તા મળવી તે ૪૨ પ્રકારે હોય છે.

(૪) પાપ– અશુભ કર્મો, જેનાથી દુ:ખનો અનુભવ થાય. તે ૮૨ પ્રકારે ભોગવાય છે.

(૫) આસ્રવ – શુભ અથવા અશુભ કર્મના પુદ્ગલનું આત્માની અંદર આવવું. તે ૪૨ પ્રકારે છે.

(૬) સંવર – શુભ અથવા અશુભ કર્મોને આવતા રોકવા.  તે ૪૨ પ્રકારે છે.

(૭) બંધ – જીવની સાથે કર્મ પુદ્ગલોનો દૂધ –પાણીની જેમ સંબંધ. તે ૪ પ્રકારે છે.

(૮)નિર્જરા – કર્મનો અંશે અંશે ક્ષય થવો. તે ૧૨ પ્રકારે છે.

(૯) મોક્ષ – કર્મનો સર્વથા ક્ષય થવો. તે ૯ પ્રકારે છે. (આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવું તે)

જે વધે છે, ઘટે છે, ખાય છે, પીવે છે, આત્મ રક્ષા માટે જે પ્રયત્ન કરે છે, તે શરીર સાથે જીવ સંબંધ હોય છે ત્યારે આ બધાં લક્ષણો જીવમાં જોવા મળે છે. આ બધા જીવનાં બાહ્ય લક્ષણો છે. જીવનનું અંતરંગ લક્ષણ  ચેતના છે. જૈન દશર્ન માને છે કે આત્મા ચૈતન્ય સ્વરૂપે છે. પોતાના મૂળ સ્વરૂપને અખંડ અને અકબંધ રાખી ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં તેનું પરિવર્તન થાય છે. દા.ત. સોનું અને તેના અલંકારો.

આત્મા મૂળ સ્વરૂપમાં એનો એ જ રહે છે, અવસ્થાઓ તેની બદલાય છે. પર્યાયોનું પરિવર્તન થાય છે. દેહના પરિણામ મુજબ આત્માનો પણ સંકોચ અને વિસ્તાર થાય છે. સમયનો કોઈ આરંભ કે અંત નથી તેમ આત્મા પણ આનદિ અનંત છે. આત્મા અવિનાશી છે. તેના મૂળ સ્વરૂપનો ક્યારેય નાશ થતો નથી.

નવ તત્ત્વનાં મનનથી આત્મામાં જો સમ્યગ્ દર્શન હોય તો તે ક્રમશઃ નિર્મળ થાય અને ન હોય તો તેની પ્રાપ્તિ થાય છે. અને પરંપરાએ કર્મ બંધનથી છૂટી મોક્ષ પ્રાપ્ત કરે છે.

jainuniversity.org

# F1 ૧.૩.૩. પાંચ મહાવ્રત

શ્રી તીર્થંકરોએ બતાવેલ સાધના માર્ગ વ્યક્તિની શક્તિ અને ક્ષમતાની અપેક્ષાએ બે ભાગમાં વિભક્ત છે.

(૧) સર્વ વિરતિ ધર્મ  (૨) દેશ વિરતિ ધર્મ

સર્વ વિરતિ એટલે સર્વ પ્રકારનાં  પાપોનો મન-વચન-કાયાથી સદાય સર્વત્ર અને સર્વથા ત્યાગ... પાપ પોતે કરે નહી., બીજા પાસે કરાવે નહી, અને બીજો કોઈ પાપ કરતો હોય તો તેનું સમર્થન પણ કરે નહી, અને દેશ વિરતિ એટલે આંશિક પાપોનો ત્યાગ કરે

આ સંસારમાં જે સ્ત્રી કે પુરૂષ જૈન ધર્મની દીક્ષા લે છે અર્થાત્ સર્વ વિરતિ ધર્મનો સ્વીકાર કરે છે તેણે પાંચ મહાવ્રત (પાંચ પ્રતિજ્ઞા) અંગીકાર કરવાં અનિવાર્ય હોય છે. પાંચ મહાવ્રત (૧) પ્રાણાતિપાત વિરમણ વ્રત (અહિંસા) (૨) મૃષાવાદ વિરમણ વ્રત (સત્ય) (૩) અદત્તાદાન વિરમણ વ્રત (અચૌર્ય-ચોરીનો ત્યાગ) (૪)મૈથુન વિરમણ વ્રત (બ્રહ્મચર્ય) (૫) પરિગ્રહ વિરમણ વ્રત (અપરિગ્રહ).

આ પાંચ મહાવ્રતનું કડક ચુસ્ત પણે પાલન કરવાથી આત્મ સાધના થાય છે અને પરંપરાએ કર્મ-રહિત થઈ સિદ્ધગતિ ને પામે છે.

પાંચ મહાવ્રતના મુખ્ય નિયમો;

૧) સર્વથા નાના -મોટા કોઈ પણ જીવની હિંસા કરવી નહિ.

૨) ક્યારેય જૂઠ-માયા-પ્રપંચ-કુડ-કપટ- ન કરવાં. સર્વથા જૂઠ ન બોલવાની પ્રતિજ્ઞા.

૩) મોટી કે નાની એક પણ વસ્તુ માલિકની રજા વિનાની ન લેવી, ચોરી ન કરવાની પ્રતિજ્ઞા.

૪) સ્ત્રીને અડવું નહિ. મન-વચન-કાયાને વિજાતીય કે સજાતીય વ્યક્તિથી નિર્મળ રાખવા.

૫) જિંદગી સુધી સત્તા-સંપતિ, સુંદરી, ઘર, દુકાન, વગેરે નવ પ્રકારના પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવાની પ્રતિજ્ઞા.

jainuniversity.org

આ પાંચેય મહાવ્રતોનું પાલન જિંદગી સુધી આપણા સાધુ-સાધ્વીજી ભગવંતો કરતાં હોય છે તેથી જ તેઓને વંદનીય, પૂજનીય અને શ્રદ્ધેય ધર્મગુરુ માનીએ છીએ.

આ પ્રતિજ્ઞાઓના પાલનથી જીવ વધુ શક્તિશાળી બને છે. આંતરિક ઓજસ અને સત્ત્વ વધે છે. વૃત્તિ-પ્રવૃત્તિ નિર્મળ બનવાથી વચનસિદ્ધિ, કાર્યસિદ્ધિ અને આત્મશુદ્ધિ ખૂબ ઝડપથી પ્રાપ્ત થાય છે. કરોડોની સંપતિ કે વિશાળ સત્તાથી જે પ્રાપ્ત ન થાય તે આ મહાવ્રતોના પાલનથી થાય છે.

મહાવ્રતોના નિમય શ્રદ્ધાથી અને ભાવથી લેવાય છે. પરંતુ પાલન સત્વથી અને પરાક્રમથી થાય છે.

# F1 ૧.૩.૪. આઠ કર્મોનો પરિચય

જો આત્મા શક્તિશાળી અને શાશ્વત હોય તો જન્મ–મરણ, સુખ–દુ:ખ, શેઠ–નોકર જેવા અનેકાનેક ભેદ કેમ? આ બધું આત્માની સાથે અનાદિકાળથીરહેલા કર્મને આભારી છે. જીવ જ્યારે કોઈ પણ દેશ જાતિ–ગતિ–યોનિમાં જન્મ લે છે ત્યારે આહાર–ભય–મૈથુન–પરિગ્રહ સંજ્ઞા થી ઘેરાયેલો રહે છે. આ કારણે જીવ કર્મનો શુભ – અશુભ બંધ સતત કરે છે.

કર્મના મુખ્ય બે પ્રકાર છે. (૧) ઘાતી કર્મ અને (૨) અઘાતી કર્મ.

૪ ઘાતી કર્મો :

(૧) જ્ઞાનાવરણીય કર્મ –તે આત્માનાં અનંત જ્ઞાન ગુણને રોકે છે. અને તેનો સ્વભાવ–આંખે પાટા બાંધવા જેવો છે. તે પાંચ પ્રકારે છે.

(૨) દર્શનાવરણીય કર્મ – તે આત્માના અનંતદર્શન ગુણને રોકે છે. તેનો સ્વભાવ દ્વારપાળ જેવો છે. તે નવ પ્રકારે છે.

(૩) મોહનીય કર્મ –તે વિતરાગતાના ગુણને રોકે છે,તેનો સ્વભાવ મદિરા–દારૂના નશા જેવો છે, તે ૨૮ પ્રકારે છે.

(૪) અંતરાય કર્મ – તે આત્માના અનંત વીર્યાદિ (શક્તિ)ગુણને રોકે છે. તેનો સ્વભાવ રાજાના ભંડારી મુનિમ જેવો છે. તે પાંચ પ્રકારે છે.

૪ અઘાતી કર્મો :

(૫) વેદનીય કર્મ – તે આત્માના અનંત સુખને રોકે છે. તેનો સ્વભાવ તલવારની ધાર ઉપરનાં મધને ચાટવા જેવો છે. તે બે પ્રકારે છે.

(૬) આયુષ્ય કર્મ–અજરામર સ્થિતિના ગુણને રોકે છે, તેનો સ્વભાવ બંદીવાન જેલ જેવો છે, તે ચાર પ્રકારે છે.

(૭) નામ કર્મ –અરૂપીપણાના ગુણને રોકે છે. તેનો સ્વભાવ ચિત્રકાર જેવો છે. તે ૧૦૩ પ્રકારે છે.

(૮) ગોત્ર કર્મ – તે અગુરૂ લઘુપણાના ગુણને રોકે છે. તેનો સ્વભાવ કુંભારનાં ઘડા જેવો છે. તે બે પ્રકારે છે.

તેવી જ રીતે દ્રવ્ય કર્મ અને ભાવ કર્મ બે પ્રકારે છે. ખાવું –પીવું–હરવું–ફરવું–ઊંઘવું વગેરે સાહજિક ક્રિયા તે દ્રવ્યકર્મ અને ગુસ્સો–જૂઠ–ચોરી–હિંસા વગેરે કરવું તે ભાવ કર્મ.

આ આઠ કર્મ આત્મામાં મુખ્ય પાંચ હેતુ થી આવે છે. (૧) મિથ્યાત્વ (૨)અવિરતિ(૩) પ્રમાદ (૪) કષાય (૫) યોગ. જયારે જીવને કર્મ બંધનથી છૂટા થવાની ભાવના જન્મે ત્યારે એ જીવ સમ્યક્ત્વ વિરતિ ધર્મનો અનુરાગ, અપ્રમાદી, અલ્પકષાયી બનવા પ્રયત્ન કરે છે. અને આત્મા શુદ્ધિના માર્ગે આગળ વધે છે.

jainuniversity.org